**ડાંગર સંશોધન કેન્દ્ર,**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**ડભોઇ – ૩૯૧ ૧૧૦, જી. (વડોદરા)**

## <u>ડાંગર સંશોધન કેન્દ્ર, આકૃયુ, ડભોઈ ખાતે ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું</u>

ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઈ ખાતે કાર્યરત સરદાર સરોવર પ્રોજેક્ટ યોજના અંતર્ગત તા. ૧૨ જુન, ૨૦૨૪ ના રોજ ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમા કુલ ૪૫ જેટલા ખેડૂત ભાઈઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી. ડી.કે.રાઠવા, એગ્રીકલ્ચર ઓફીસરએ કાર્યક્રમમાં આમંત્રિત સર્વેનું હાર્દિક સ્વાગત કર્યું હતું.

અત્રેની કચેરીના વડાશ્રી એ.જી.પંપાણીયા સાહેબે ખેડૂતોને વર્ષ ૨૦૨૧ માં બહાર પડેલ ડાંગરની નવી જાત જી. આર. ૨૧ જે રોગ અને જીવાત સામે ટકી રહે તેવી મધ્યમ ટુંકી દાણાવાળી અને સારી ગુણવતા ધરાવતી જાત છે તેના વિશે સમજણ આપી હતી. તેનું વાવેતર કરવા સમજાવ્યું. વધુમાં કેન્દ્ર ખાતેની કામગીરીથી ખેડૂત ભાઈઓને અવગત કરાવ્યા હતાં.

સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત સિનિયર રિસર્ચ ફેલો, ડૉ. વિપુલ એન. રૈયાણી સાહેબે ખેડૂતોને ડાંગરની આધુનિક ખેતી પધ્ધતિ વિશે સમજણ આપી હતી. તથા ડાંગરના પાકમાં ખાતર, પાણીના વ્યવ સ્થાપન વીશે માહીતિ આપી હતી તેમજ લિફ કલર ચાર્ટ વિશે સપુંર્ણ માહીતી અને તેનો કેવી રીતે ઉપયોગ કરવો અને તેના દ્વારા ખાતર ની બચત થાય તે વિશે માહીતી આપી હતી.

એગ્રીકલ્ચર ઓફીસર, શ્રી.ધનસિંગ રાઠવા સાહેબે નાડેપ કમ્પોસ્ટ અને જૈવિક ખાતરની ઉપયોગિતા વિશે ખેડૂત મિત્રો ને જણાકારી આપી હતી, અને અંતે ખેડૂત મિત્રો સાથે ચર્ચા પરામર્શ અને આભાર વ્યક્ત કરી સર્વે ખેડૂતોને ડાંગર ના બિયારણ નું વિતરણ કરવામાં આવ્યું ત્યારબાદ ભોજન કરી ને આદર્શ જમીનનો જમુના લેવાની રીત પ્રાયોગિક રીતે સમજાવી અને અત્રેના મોડેલ ફાર્મની મુલાકત લીઈ સર્વે ખેડૂત મિત્રોએ વિદાય લીધી.


" ખેડૂત શિબિર "


" ખેડૂત શિબિર "




" ખેડૂત શિબિર "